સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત
આવક ________
તારીખ ________
શાખા ________

**ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના-**
રાષ્ટ્રીય તથા આંતરાષ્ટ્રીય કક્ષાએ નિર્દિષ્ટ રમતો/ સ્પર્ધાઓમાં વિજેતા ગુજરાતના દિવ્યાંગ ખેલાડીઓને પુરસ્કૃત કરવા બાબત.

ગુજરાત સરકાર,
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસએજી/૧૦૨૦૧૬/૧૬૧/બ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૮-૦૩-૨૦૧૬

**વંચાણે લીધાઃ-**

(૧) રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો ઠરાવ ક્રમાંકઃએસએજી/ ૧૦૨૦૧૨/૧૪૩૧/બ, તા. ૮/૫/૨૦૧૩

(૨) રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો ઠરાવ ક્રમાંકઃએસએજી/ ૧૦૨૦૧૧/૬૫૬/બ, તા. ૮/૮/૨૦૧૪

(૩) ડાયરેકટર જનરલશ્રી,સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ એસએજી/રમત/વિકલાંગ/રો.પુ./૨૦૧૫-૧૬ તા.૩૦/૧/૨૦૧૬

**આમુખઃ-**

ગુજરાત સરકાર ખેલ પ્રતિભાઓને દરેક તબકકે સહાય પુરી પાડવા માટે પ્રતિબધ્ધ છે. રાષ્ટ્રીય સ્તરે શાળાકીય સ્પર્ધા, ગ્રામિણ સ્પર્ધાઓ તથા મહિલા સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓને પુરસ્કૃત કરવા વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરનાતા.૮-૫-૨૦૧૩ ના ઠરાવથી જોગવાઇ કરવામાં આવેલ છે. વધુમાં રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય કક્ષાએ રમત સ્પર્ધાઓમાં ગુજરાતને ગૌરવ અપાવે તેવા સિધ્ધિમાન ખેલાડીઓ માટે ખેલ પ્રતિભાપુરસ્કૃત યોજના આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૨) ઉપરના તા.૮-૮-૨૦૧૪ના ઠરાવથી મંજૂરી આપવામાં આવેલ છે.

હવે જનરલ ઓલમ્પિકસ સિવાય, પેરા ઓલમ્પિકસ(મેન્ટલી ચેલેન્જ ખેલાડીઓ), ડેફ અને ડમ અને બ્લાઇન્ડખેલાડીઓ કે જેઓ રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતને ગૌરવ અપવે તેવી સિધ્ધિ પ્રાપ્ત ખેલાડીઓ માટે ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના મંજૂર કરવા ડાયરેકટર જનરલ, સ્પોર્ટસ ઓથોરીટી,ગાંધીનગરે તેમના તા.૩૦/૧/૨૦૧૬ના પત્રથી દરખાસ્ત કરેલ જે રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમત સ્પર્ધાઓમાં ગુજરાતને ગૌરવ અપાવે તેવા રાજયના ખેલાડીઓ કે જેઓ પેરા ઓલમ્પિકસ,સ્પેશિયલ ઓલમ્પિકસ(મેન્ટલી ચેલેન્જ ખેલાડીઓ), ડેફ અને ડમ અને બ્લાઇન્ડ ખેલાડીઓ ભાગ લઇ સિધ્ધિ પ્રાપ્ત કરે તેમને નીચે મુજબના ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના કાર્યાન્વિત કરવાનું સરકારશ્રી આથી ઠરાવે છે.

(અ) પેરા સ્પોર્ટસ :-

| ક્રમ | પદકનું નામ | ઓલમ્પિક ગેમ્સ | એશીયન ગેમ્સ | કોમનવેલ્થ ગેમ્સ (પારા એથ્લેટીકસ) | કોમનવેલ્થ ગેમ્સ/એશીયન ચેમ્પી.(સિનીયર્સ) | કોમનવેલ્થ ગેમ્સ એશીયન ચેમ્પી.(જુનીયર્સ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સુવર્ણ | રૂા.૫ કરોડ | રૂા.૨ કરોડ | રૂા.૧ કરોડ | રૂા.૫૦ લાખ | રૂા.૨૫ લાખ |
| ૨ | રજત | રૂા.૩ કરોડ | રૂા.૧ કરોડ | રૂા.૫૦ લાખ | રૂા.૩૦ લાખ | રૂા.૧૫ લાખ |
| ૩ | કાંસ્ય | રૂા.૨ કરોડ | રૂા.૫૦ લાખ | રૂા.૨૫ લાખ | રૂા.૨૦ લાખ | રૂા.૧૦ લાખ |

(બ) બ્લાઈન્ડ સ્પોર્ટસ

| ક્રમ | ઈવેન્ટનું નામ | સુવર્ણ | રજત | કાંસ્ય |
|---|---|---|---|---|
| ૧ | IBSA | રૂા.૧૫ લાખ | રૂા.૧૦ લાખ | રૂા.૫ લાખ |

(ક) ડેફ સ્પોર્ટસ

| ક્રમ | ઈવેન્ટનું નામ | સુર્વણ | રજત | કાંસ્ય |
|---|---|---|---|---|
| ૧ | ડેફલીમ્પિક્સ | રૂા.૧૫ લાખ | રૂા.૧૦ લાખ | રૂા.૫ લાખ |

(ડ) સ્પેશીયલ ઓલમ્પિકસ સ્પોર્ટસ

| ક્રમ | ઈવેન્ટનું નામ | સુવર્ણ | રજત | કાંસ્ય |
|---|---|---|---|---|
| ૧ | સ્પેશીયલ ઓલમ્પિક્સ વલ્ડ ગેમ (ઇન્ટરનેશનલ) મેન્ટલી ચેલેન્જ ખેલાડીઓ માટે) | રૂા.૧૫ લાખ | રૂા.૧૦ લાખ | રૂા.૫ લાખ |

આંતરરાષ્ટ્રીય કક્ષાની સાંઘિક રમતોમાં ખેલાડીઓને રોકડ પુરસ્કારની રકમ નીચે મુજબ ચુકવવામાં આવશે.

ડબલ જેવી ઇવેન્ટમાં અથવા બે ખેલાડીઓની ટીમમાં વિજેતા થનાર ખેલાડીને વ્યકિતગત રોકડ પુરસ્કારની ૫૦ ટકા રકમ અને ટીમ ઇવેન્ટમાં વ્યકિતગત રોકડ પુરસ્કારની ૩૩ ટકા રકમ આપવામાં આવશે.

જ્યારે સદરહુ કેટેગરી (અ) થી (ડ) માં નેશનલ જુનિયર અને સીનીયર ચેમ્પિયનશીપ નકકી થાય તો નીચે મુજબની રકમના રોકડ પુરસ્કારનું વિચારણામાં લઇ શકાય.
વ્યક્તિગત રમતના વિજેતા ખેલાડીઓને નીચે મુજબ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.
(અ) પેરા સ્પોર્ટસઃ-

| પદકનું નામ | પેરા સ્પોર્ટસ | બ્લાઈન્ડ સ્પોર્ટસ | ડેફ સ્પોર્ટસ | સ્પેશીયલ ઓલમ્પિક્સ સ્પોર્ટસ |
|---|---|---|---|---|
| સુર્વણ | રૂા.૨ લાખ | રૂા.૩૦ હજાર | રૂા.૩૦ હજાર | રૂા.૩૦ હજાર |
| રજત | રૂા.૧ લાખ | રૂા.૨૦ હજાર | રૂા.૨૦ હજાર | રૂા.૨૦ હજાર |
| કાંસ્ય | રૂા.૫૦ હજાર | રૂા.૧૫ હજાર | રૂા.૧૫ હજાર | રૂા.૧૫ હજાર |

જ્યારે ટીમ રમતમાં ટીમના દરેક ખેલાડીને નીચે મુજબના પુરસ્કાર આપવામાં આવશે.

| પદકનું નામ | પેરા સ્પોર્ટસ | બ્લાઈન્ડ સ્પોર્ટસ | ડેફ સ્પોર્ટસ | સ્પેશીયલ ઓલમ્પિક્સ સ્પોર્ટસ |
|---|---|---|---|---|
| સુવર્ણ | રૂા.૫૦ હજાર | રૂા.૭,૫૦૦ | રૂા.૭,૫૦૦ | રૂા.૭,૫૦૦ |
| રજત | રૂા.૨૫ હજાર | રૂા.૫ હજાર | રૂા.૫ હજાર | રૂા.૫ હજાર |
| કાંસ્ય | રૂા.૧૨,૫૦૦ | રૂા.૩,૫૦૦ | રૂા.૩,૫૦૦ | રૂા.૩,૫૦૦ |

૨. ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) ઉપરના તા.૮/૮/૨૦૧૪ના ઠરાવથી જનરલ કેટેગરીના ખેલાડીઓ જેઓએ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેળવેલ સિધ્ધિઓ માટે ખેલ પ્રતિભા પુરસ્કારની મંજૂરી આપવામાં આવેલ છે. આ ઠરાવમાં દર્શાવેલ સ્પર્ધાઓ ઉપરાંત નીચે મુજબની સ્પર્ધાઓમાં મેળવેલ સિધ્ધિ સામે દર્શાવેલ રોકડ પુરસ્કારની આથી મંજૂરી આપવામાં આવે છેઃ-

| ક્રમ | પદકનું નામ | વર્લ્ડ કપ/ચેમ્પિયનશીપ (દર ૪ વર્ષે અથવા દર વર્ષે) | વર્લ્ડ યુનિવર્સિટી ગેમ/ ચેમ્પિયનશીપ ગેમ્સ | યુથ ઓલમ્પિક ગેમ્સ | યુથ એશીયન ગેમ્સ | યુથ કોમનવેલ્થ ગેમ્સ | એસ.એ.એફ ગેમ્સ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુવર્ણ | રૂા.૧૦ લાખ | રૂા.૭ લાખ | રૂા.૧૦લાખ | રૂા.૭લાખ | રૂા.૫ લાખ | રૂા.૩ લાખ |
| ૨ | રજત | રૂા.૮ લાખ | રૂા.૫ લાખ | રૂ.૭. ૫ લાખ | રૂા.૫ લાખ | રૂા.૩ લાખ | રૂા.૨ લાખ |
| ૩ | કાંસ્ય | રૂા.૬ લાખ | રૂા.૩ લાખ | રૂ.૫ લાખ | રૂા.૩ લાખ | રૂા.૨ લાખ | રૂા.૧ લાખ |

૩. ઉપર જણાવેલ ખેલ પ્રતિભા પુરસ્કાર યોજનાનો અમલ વર્ષ ૨૦૧૬-૧૭ થી કરવાનો રહેશે. આ યોજના હેઠળ વિગતવાર નિયમો સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગરે ઘડવાના રહેશે.

૪. આ યોજના અંતર્ગત આંતરરાષ્ટ્રીય રમતો માટે પુરસ્કારની રકમ ગુજરાત ખેલ સત્તા મંડળ હસ્તક ઉપલબ્ધ રીવોલ્વીંગ ફંડમાંથી આપવાનો રહેશે. જ્યારે નિર્દિષ્ઠ રાષ્ટ્રીય રમતો માટે પુરસ્કારની રકમની માંગણી ક્રમાંક-૯૮- મુખ્ય સદર-૨૨૦૪-૦૦-૧૦૪-૦૬- ગુજરાત ખેલકુલ સત્તા મંડળ હેઠળ ખેલકુદ પ્રવૃત્તિઓનું વિસ્તરણ- આયોજન સદરે ઉધારી જે તે વર્ષની અંદાજપત્રમાં મંજૂર થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકનીફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૬/૦૩/૨૦૧૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ પટેલ)
ઉપસચિવ
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા. મંત્રીશ્રી (ર.ગ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
[illegible]

- નાણાં સલાહકારશ્રી (રમતગમત), સચિવાલય, ગાંધીનગર
- ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- કમિશનરશ્રી, યુવક સેવા અને સાં.પ્ર. ની કચેરી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/ અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- વિભાગની સર્વે શાખાઓ.
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ.
- સિલેકટ ફાઇલ.